JAIN SAHITYA ACADEMY TRUST

श्रेयंकर तेजोदीपक

## જૈન સાહિત્યના અભ્યાસનો અમુલખ અવસર આવીને આંગણે ઉભો છે.

## જૈન સાહિત્ય એકેડેમી ટ્રસ્ટ સહર્ષ રજૂ કરે છે : જૈન સાહિત્યનો એકવર્ષીય સર્ટિફિકેટ કોર્સ

**FRIDAY & SATURDAY**
**23rd & 24th**
**OCT. 2020**
**રાત્રે ૮**

જૈન સાહિત્ય શું છે – જૈન ધર્મના મૂલ્યને અને તત્વને માનવીય ભૂમિકાએ ઉજાગર કરે છે. આગમથી લઇને આજ સુધી લખાયેલા ગ્રંથોના પરિચય આજે વિસરાઇ રહ્યા છે, ત્યારે અભ્યાસક્રમની આવશ્યકતા છે.
જૈન સાહિત્ય આજનાં વિશ્વની અનેક સમસ્યાનું અનુપમ ઔષધ છે, આ સાહિત્ય સર્વ સમાજને સમાવિષ્ટ કરતું અહિંસા અને પરસ્પર 'જીવો અને જીવવા દો'નો માંગલ્યમય સંદેશ આપે છે.
સાવ અપરિચિત રહેલાં આપણા જ જૈન ધર્મ પ્રેરિત વિશ્વમાં ચાલો સાથે વિહરીએ....

### શુક્રવાર અને શનિવાર, 23/24, ઓક્ટોબર, ૨૦૨૦, સમય રાત્રે ૮ થી ૯

### વ્યાખ્યાતા : ડૉ. જિતેન્દ્ર શાહ – આગમકાલીન સાહિત્ય    સત્ર સંચાલક : ડૉ. સેજલ શાહ



__વક્તા પરિચય :__ **ડૉ. જિતેન્દ્ર શાહે** ગુજરાત યુનિથી બી. એ. અને બી. એચ. યુ. વારાણસીથી એમ. એ. અને પી એચ.ડી. માં દરેક વર્ષે ત્રણ સુવર્ણચંદ્રકો સાથે પોતાની પદવી પ્રાપ્ત કરી છે. તેઓએ અમદાવાદની એલ.ડી. ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડોલોજીમાં બાવીસ વર્ષ નિયામક પદે રહી સેવાઓ આપી, તે પૂર્વે રિસર્ચ એસોસીએટ અને પ્રોફેસર રહી ચૂક્યા છે. તે ઉપરાંત શારદાબેન ચીમનભાઇ એજ્યુકેશનલ રીસર્ચ ઇન્સ્ટિટયૂટમાં નિયામક તરીકે તથા વર્તમાનમાં શ્રુતરત્નાકર સંસ્થામાં તેઓ ડાયરેક્ટર છે અને સાથે **"વર્લ્ડ જૈન સંઘ"** ના પ્રેસિડેન્ટ તરીકેની પણ ભૂમિકા ભજવે છે. દિલ્હીની બી.એલ. ઇન્સ્ટિટયૂટમાં ઉપાધ્યક્ષ તરીકે સેવાઓ આપી રહ્યા છે.
તેમના બહુમૂલ્ય કાર્યો જોઇએ તો, તેઓ ૧૯૯૨થી દરેક વર્ષે યુ.એસ. એ.માં **'જૈન તત્વ અને દર્શન'** પર વ્યાખ્યાન આપે છે. તેમણે ૬૦થી વધારે રાષ્ટ્રીય સેમિનાર અને શિબિરમાં વ્યાખ્યાનો આપ્યા છે. ૭૫થી વધારે તેમના શોધપત્રો અલગ અલગ ભાષામાં પ્રસ્તુત થયા છે. તેમને **"એક્સલેન્ટ ગુજરાત, "નગર રત્ન", "જૈન પદ્મશ્રી", "ગોલ્ડન એજ્યુકેશનિસ્ટ ઓફ ઇન્ડિયા"** જેવી ઉપાધિઓ મળી છે. **'જૈન વિજ્ઞાન'** માં ઇનોવેટિવ સંશોધન માટે તેમને RISSIOS દ્વારા પુરસ્કાર પ્રાપ્ત થયા છે. ગુજરાત ઉપરાંત રાજસ્થાન, વારાણસી, પાટણ, ભાવનગર અને મુંબઇ યુનિવર્સિટી સાથે પણ તેઓ કાર્યરત છે.

__વ્યાખ્યાન સંક્ષેપ__ –ભગવાન મહાવીરના સમયથી લઇને વિક્રમની ૨૦મી શતાબ્દીના અંત સુધી લગભગ ૨૫૦૦ વર્ષોના દીર્ઘ કાળમાં જૈન વિદ્વાનોએ પ્રાકૃત અને સંસ્કૃતનાં વિશાળ સાહિત્યનું નિર્માણ કર્યું. આગમનું મૂળ સાહિત્ય **'સૂત્ર'** રૂપે ઓળખાય છે. આ સૂત્રોનો સૌ પ્રથમ વિવરણ કે વ્યાખ્યાન ગ્રંથ તેને નિર્યુક્તિ કહેવાય છે. 'આવશ્યક નિર્યુક્તિમાં' નિર્યુક્તિ શબ્દની વ્યાખ્યા કરતાં જણાવે છે કે – "સૂત્રમાં નિર્યુક્તિ અર્થની સુવ્યવસ્થિત વ્યાખ્યા કરનાર ગ્રંથ તે નિર્યુક્તિ. આ નિર્યુક્તિ હંમેશા પદ્માત્મક શૈલીમાં જ હોય છે. તેની ભાષા પ્રાકૃત હોય છે." આ સાહિત્યને ત્રણ ભાગોમાં વહેંચ્યું છે. (૧) આગમિક (૨) અનુઆગમિક (૩) આગમેતર. વ્યાખ્યાનમાં આગમિક સાહિત્યના ઉદ્ભવ અને તેની પરંપરા અંગે વાત કરાશે. આ સાહિત્યના સંકલનનો સમય અને ત્યારના પડકારો વિષે પણ વાત થશે.

આજ સુધી થયેલા પ્રાથમિક કોર્સના ૧૨ વ્યાખ્યાનોની
લિંક : https://youtu.be/mbV7jjEuIMY

**ઝૂમ લીંક**
- https://bit.ly/2SuDOzE
- Meeting ID : 890 0779 0733
- Passcode : 232678

મહત્વપૂર્ણ સૂચનો : ઓનલાઇનના આ કોર્સમાં દરેક કલાસ વખતે બરાબર સમય ઉપર જ જોડાવા વિનંતી.
- આપના પ્રશ્નો કોમેન્ટ સેક્શનમાં પૂછવા. બાકી મ્યુટ ઉપર જ આપ રહેશો.
- હેડફોનનો ઉપયોગ હિતાવહ છે.
- ટેકિનકલ પ્રશ્નો આવ્યો હોય તો સંપક કરો : 97696 55345

- આમંત્રક : જૈન સાહિત્ય એકેડેમી ટ્રસ્ટ
- પ્રેરક : સી. કે. મહેતા

ટ્રસ્ટીગણ : દીપક મહેતા • ઇલા મહેતા • ભારતી મહેતા • સેજલ શાહ
યોગીની શેઠ • દિલીપ શાહ • બકુલ ગાંધી • બિપીન દોશી